| | | | | | |
|---|---|---|---|---|---|
| **GJJN070000222025** | सत्यमेव जयते | પ્રાપ્તિ તારીખ | ૦૬/૦૧/૨૦૨૫ | | |
| | | દાખલ તારીખ | ૦૬/૦૧/૨૦૨૫ | | |
| | | ફેંસલ તારીખ | ૦૧/૦૮/૨૦૨૬ | | |
| | | સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | | ૦૧ | ૦૬ | ૨૬ |

**–:: નમૂનો–અ::–** **આંક–**

| **જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબશ્રીની કોર્ટમાં, મું. માંગરોળ** | |
|---|---|
| ચુકાદાની તારીખ | ૦૧/૦૮/૨૦૨૬ |
| ફો.કે.સંખ્યા | ૧૦/૨૦૨૫ |
| :: ગુનાની વિગત :: | |
| ગુનાની કલમ | ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ–૨૯૮, ૩૨૪(૨) તથા ૫૪ મુજબ |
| પ્ર.માહિતી અહેવાલ સંખ્યા | ગુના રજી. નં.૧૧૨૦૩૦૩૮૨૪૦૪૭૭/૨૦૨૪ |
| પોલીસ સ્ટેશન | માંગરોળ પોલીસસ્ટેશન |
| ફરિયાદપક્ષ | શ્રી સરકાર |
| રજૂઆત | વિ.વ.શ્રી જે. એન. શ્રીમાળી |
| આરોપી પક્ષ | (૧) યશ પુનિતભાઈ સિંધવા, ઉ.વ.–૨૧, રહે. માંગરોળ, કાજુ ફળિયા, તા. માંગરોળ, જિ. જૂનાગઢ.<br>(૨) માનવ જયદેવભાઈ લલાડિયા, ઉ.વ.–૨૧, રહે. માંગરોળ, સોની ફળિયા, તા. માંગરોળ, જિ. જૂનાગઢ. |
| રજૂઆત | વિ.વ.શ્રી એચ. એલ. પારેખ |

**–:: નમૂનો – બ ::–**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૩૧/૧૦/૨૦૨૪ થી તા. ૦૧/૧૧/૨૦૨૪ |
| પ્ર.માહિતી અહેવાલની તારીખ | ૦૧/૧૧/૨૦૨૪ |
| ચાર્જશીટ રજૂ કર્યાની તારીખ | ૦૬/૦૧/૨૦૨૫ |
| તહોમતનામા/પ્લીની તારીખ | ૨૨/૦૪/૨૦૨૬ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૦૬/૦૬/૨૦૨૬ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૦૧/૦૮/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૦૧/૦૮/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ<br>(લાગુ પડે તો) | – |

## –:: આરોપીની વિગત ::–

| અનુ. નં. | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુક્તિ તારીખ | તહોમત | શું નિર્દોષ છોડ્યા/ સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમિયાન અટકાયતનો સમય ગાળો ફો.કા. સંહિતાની કલમ–૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | યશ પુનિતભાઈ સિંધવા | ૦૬/૧૧/ ૨૦૨૪ | ૦૬/૧૧/ ૨૦૨૪ | ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ–૨૯૮, ૩૨૪(૨) તથા ૫૪ મુજબ | નિર્દોષ છોડ્યા | – | – |
| ૨. | માનવ જયદેવભાઈ લલાડિયા | | | | | | |

### :: નમૂનો – ક ::

### ફરિયાદી/બચાવ/ન્યાયાલયના સાક્ષીની યાદી

અ. ફરિયાદપક્ષ

| અનુ. નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ફ.પ.સા. | આમદભાઈ જમાલભાઈ હાજીબા | ફરિયાદી |

### ફરિયાદી/બચાવ/ન્યાયાલયના આંકની યાદી

અ. ફરિયાદ

| અનુ.નં. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧. | ૦૯ | ફરિયાદી આમદભાઈ જમાલભાઈ હાજીબાની જુબાની |
| ૨. | ૧૦ | ફરિયાદ |
| ૩. | ૧૧ | બનાવવાળી સ્થાનિક જગ્યાનું પંચનામું |
| ૪. | ૧૩ | કલોઝીંગ પુરસીસ |

## –:: ચુ કા દો ::–

## (૧.) <u>કેસની ટુંકમાં હકીકત</u>:

ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ ગઇ તા. ૩૧/૧૦/૨૦૨૪ ના કલાક–૨૧:૦૦ વાગ્યાથી તા.૦૧/૧૧/૨૦૨૪ ના કલાક–૦૬:૪૫ વાગ્યા દરમ્યાન માંગરોળ,

લીમડા ચોકથી શાપુર દરવાજા તરફ જતા રસ્તે આવેલ મુસ્લીમ ધર્મના લોકો પવિત્ર માનતા હોય, તેવા ધર્મસ્થાન મસ્તાના મસ્જીદ તરફ જાણી જોઇને સુથળી બમ નામથી ઓળખાતા ફટાકડા ફેંકી, મસ્જીદનું અપમાન થાય તે રીતે ફટાકડા ફોડી તેમજ મસ્જીદના ઉપરના ભાગના સિમેન્ટનાં પતરામાં ગાબડા તેમજ તિરાડ પાડી અને પતરામાં નીચે લગાવેલ પંખાનું ઇલેક્ટ્રિક વાયરીંગ તોડી, કુલ આશરે કિં.રૂા.–૧૨,૦૦૦/–ની નુકસાની કરી, ગુનો કરેલ, જેના સંદર્ભમાં માંગરોળ પોલીસસ્ટેશનમાં ગુના રજી. નં.૧૨૦૩૦૩૮૨૪૦૪૭૭/૨૦૨૪, ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ–૨૯૮, ૩૨૪(૨) તથા ૫૪ મુજબ નોંધવામાં આવેલી અને તપાસ કરનાર અમલદારે આગળની તપાસ કરી, બનાવ બાબતે પંચનામું કરી, લાગતાં–વળગતાં શાહેદોના નિવેદન નોંધી, આરોપીઓ વિરુદ્ધ પુરતા પુરાવા નોંધાઇ આવતાં, અત્રેની અદાલતમાં ચાર્જશીટ દાખલ કરેલી છે.

## (૨.) <u>ન્યાયિક કાર્યવાહી:</u>

હાલના કામના આરોપીઓ વિરુદ્ધ અત્રેની અદાલતમાં ચાર્જશીટ દાખલ થતાં, ગુનાની ઇન્સાફી કાર્યવાહી કરવા માટે આરોપીઓને સમન્સ કાઢવામાં આવતાં, આરોપીઓ તેમના વિ.વ.શ્રી મારફતે અદાલત સમક્ષ ઉપસ્થિત થયેલા હતા. બી.એન.એસ.એસ.ની કલમ–૨૩૦માં ઠરાવેલ જોગવાઇ અનુસાર આરોપીઓને તેઓના બચાવ માટે પોલીસ તપાસનાં કાગળોની નકલ વિનામુલ્યે સોંપ્યાની ખાતરી કર્યા બાદ ગુન્હાની સમજ કરી, **આંક–૦૫ થી ૦૬** સુધી આરોપીઓના નિવેદન નોંધતાં, તેઓની સામેનો ગુનાનો ઇનકાર કરેલ છે.

(૩.) ત્યારબાદ ફરિયાદપક્ષના કેસની હકીકત તથા કેસના સંજોગો ધ્યાને લેતાં, ફરિયાદપક્ષ તર્ફે વિ.એ.પી.પી. એ મૌખિક રીતે પુરાવો બંધ જાહેર કરતાં, આરોપીનું વિશેષ નિવેદન નોંધવા જેટલો પુરાવો જણાઇ આવતો ન હોય, આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

ત્યારબાદ ફરિયાદપક્ષના વિ.એ.પી.પી.શ્રી તથા આરોપી પક્ષના વિ. વકિલશ્રીની દલીલ સાંભળવામાં આવી.

ફરિયાદપક્ષના રજૂ થયેલા પુરાવા ધ્યાને લેતાં, કેસનો ન્યાયિક અંત આણવા નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**-:: મુદ્દાઓ ::-**

| | |
|---|---|
| ૧. | શું ફરિયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ ગઈ ૩૧/૧૦/૨૦૨૪ ના કલાક-૨૧:૦૦ વાગ્યાથી તા.૦૧/૧૧/૨૦૨૪ ના કલાક-૦૬:૪૫ વાગ્યા દરમ્યાન માંગરોળ, લીમડાચોકથી શાપુર દરવાજા તરફ જતા રસ્તે આવેલ મુસ્લીમ ધર્મના લોકો પવિત્ર માનતા હોય, તેવા ધર્મસ્થાન મસ્તાના મસ્જીદ તરફ જાણી જોઈને સુથળી બમ નામથી ઓળખાતા ફટાકડા ફેંકી, મસ્જીદનું અપમાન થાય તે રીતે ફટાકડા ફોડી તેમજ મસ્જીદના ઉપરના ભાગના સિમેન્ટનાં પતરામાં ગાબડા તેમજ તિરાડ પાડી અને પતરામાં નીચે લગાવેલ પંખાનું ઈલેક્ટ્રીક વાયરીંગ તોડી, કુલ આશરે કિં.રૂ.-૧૨,૦૦૦/-ની નુકસાની કરી, ગુનો કરેલ, જેના સંદર્ભમાં માંગરોળ પોલીસસ્ટેશનમાં ગુના રજી. નં.૧૨૦૩૦૩૮૨૪૦૪૭૭/૨૦૨૪, ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ- ૨૯૮, ૩૨૪(૨) તથા ૫૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે? |
| ૨. | શું હુકમ ? |

ઉપરોક્ત મુદ્દાઓના આ અદાલતના મત મુજબ નિર્ણયો કારણો નીચે મુજબ છે.

| | |
|---|---|
| ૧. | નકારમાં |
| ૨. | આખરી હુકમ મુજબ. |

**-:: કારણો ::-**

**મુદ્દા નં.- ૧**

(૪.) ફોજદારી કાર્યરીતિ પ્રણાલી પ્રમાણે ફરિયાદપક્ષ તરફે આરોપી વિરુદ્ધ આક્ષેપિત ગુન્હાઓ હરકોઈ શંકાથી પર સાબિત કરવાનો હોય, અને તે મુજબ આ જવાબદારી ફરિયાદપક્ષના શીરે છે. સાથોસાથ ભારતીય સાક્ષ્ય સંહીતા-૨૦૨૩ ની કલમ-૧૩૯ મુજબ શાહેદોનો જથ્થો મહત્ત્વનો નથી, પરંતુ શાહેદોએ આપેલ પુરાવાની ગુણવત્તા મહત્વની છે, જે પ્રસ્થાપિત સિધ્ધાંત ધ્યાને લઇ, પુરાવાકીય મુલ્યાંકન આ મુજબ કરવામાં આવેલ છે.

આ કામે આરોપીઓ વિરુદ્ધ ગુનો પુરવાર કરવા સારુ ફરિયાદપક્ષ દ્વારા ભારતીય સાક્ષ્ય સંહીતા, ૨૦૨૩ ની કલમ -૧૦૪ થી ૧૦૬ મુજબ ઉપર નોંધ્યા મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ કરેલ છે.

(૫.) ફરિયાદપક્ષ તરફે **ફરિયાદી આમદભાઈ જમાલભાઈ હાજીબાને આંક-૦૯થી તપાસેલા છે,** જેમાં તેઓએ જણાવેલ છે કે, બનાવ આજથી બે વર્ષ પહેલાં બનેલો, તેઓની મસ્જીદમાં દીવાળીના ફટકડા ફોડવા બાબતે સામાન્ય બોલાચાલી થયેલ, આ સિવાય બીજું કાંઈ બનેલ નહીં. આરોપીએ મસ્જીદનું અપમાન થાય તે રીતે ફટકડા ફોડી, દીવાલમાં ગાબડા પાડી, મસ્જીદમાં ઈલેક્ટ્રિક વાયરીંગને નુકસાન કરેલ તેવું બનેલ નથી. આ કામના આરોપી સાથે સામાન્ય બોલાચાલી થયેલ, તે બાબતનું મનદુ:ખ રાખી, ફરિયાદ આપેલી. તેમને અસલ ફરિયાદ બતાવવામાં આવે છે, જેમાં તેમની સહી છે, જે ઓળખી બતાવી, આંક-૧૦થી રજૂ છે. આરોપીઓને ઓળખે, જેઓ આજરોજ નામદાર કોર્ટમાં હાજર છે.

ત્યારબાદ ફરિયાદી ફરિયાદ હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ ના હોય, વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી સદર ફરિયાદીને ભારતીય સાક્ષ્ય સંહીતા-૨૦૨૩ની કલમ-૧૫૭ મુજબ ફરી ગયેલા જાહેર કરી, ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીએ સદર ફરિયાદીની ઊલટતપાસ કરવા છતાં કોઇ મહત્વની ફળદાયી હકીકત નીકળી આવેલ નથી.

ત્યારબાદ ફરિયાદીની ઊલટતપાસ બચાવપક્ષે આરોપીના વિ.વ.શ્રીએ કરતાં, શાહેદે એ હકીકતનો સ્વિકાર કરેલ છે કે, આરોપીઓએ તેઓની પવિત્ર મસ્જીદમાં સુથળી બોમ્બ ફટાકડા ફેંકીને તેઓની મસ્જીદના પતરાને કે ઈલેક્ટ્રિક વાયરીંગને નુકસાન પહોંચાડેલ હોય તેવું બનેલ નથી. આરોપીઓ સાથે તેઓને સમાધાન થઈ ગયેલ છે. બનાવ તેમણે નજરે જોયેલ નથી જેથી બનાવ બાબતે તેમને કોઈ જાત માહિતી નથી.

આમ, ઉપરોક્ત તમામ સંજોગો ધ્યાને લેતાં, ફરિયાદપક્ષ તરફે ફરિયાદીએ તેઓની જુબાનીમાં ફરિયાદની હકીકતોને સમર્થન કરેલ નથી. આ કામે ફરિયાદીએ તેઓના મૌખીક પુરાવામાં ફરિયાદની હકીકતોને સમર્થન કરેલ નથી. ફરિયાદીએ તેઓની ઊલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપીઓએ ફરિયાદીની પવિત્ર મસ્જીદમાં સુથળી બોમ્બ ફટાકડા ફેંકીને ફરિયાદીની મસ્જીદના પતરાને કે ઈલેક્ટ્રિક વાયરીંગને નુકસાન પહોંચાડેલ હોય તેવું બનેલ નથી. ફરિયાદીને આરોપીઓ સાથે સમાધાન થઈ ગયેલ છે. બનાવ ફરિયાદીએ નજરે જોયેલ નથી જેથી બનાવ બાબતે ફરિયાદીને કોઈ જાત માહિતી નથી. ફરિયાદપક્ષ આ કામે કરવામાં આવેલ પંચનામાની હકીકતો પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ છે. આમ, ફરિયાદપક્ષ આ કામના આરોપીને ગુનામાં સાંકળી શકાય તેવો કોઈ જ પુરાવો રેકર્ડ ઉપર લાવી શકેલા નથી જેથી તેઓની જુબાની ઉપર આધાર રાખી, આરોપીને તકસીરવાર ઠરાવી શકાય નહી.

(૬.) વધુમાં, ફરિયાદપક્ષે **આંક–૧૧** થી બનાવવાળી સ્થાનિક જગ્યાનું પંચનામું રજૂ થયેલ છે. પરંતુ, સદર દસ્તાવેજી પુરાવાને કોઈ મૌખિક પુરાવાથી સમર્થન મળતું ન હોય, સદરહુ દસ્તાવેજી પુરાવાઓ પુરવાર થતાં ન હોય, ફરિયાદપક્ષને ઉપયોગી સાબિત થતાં નથી. વધુમાં તેઓ કેસ આગળ ચલાવવા માંગતા નથી, અને વધુ કોઈ લેખિત કે મૌખિક પુરાવો રજૂ કરવા માંગતા ન હોય, જે મતલબની **આંક–૧૩** થી ક્લોઝિંગ પુરસીસ રજૂ રાખેલ છે

જેથી ફરિયાદપક્ષ આ કામના આરોપીઓને ગુનામાં સાંકળી શકાય તેવો કોઈ જ પુરાવો રેકર્ડ ઉપર લાવી શકેલા નથી જેથી તેઓની જુબાની ઉપર આધાર રાખી, આરોપીઓને તકસીરવાર ઠરાવી શકાય નહીં.

(૭.) આમ, ઉપરોક્ત કરેલ ચર્ચા તથા કેસના સંજોગો તેમજ કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લેતાં, આ કામે રજૂ સમગ્ર પુરાવો તેમજ કાયદાકીય કલમો મુજબના આવશ્યક તત્ત્વો સંતોષાતા ન હોય તેમજ તે મુજબનો કોઇ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી.

ભારતીય સાક્ષ્ય સંહિતાની કલમ–૧૦૪ વંચાણે લેવામાં આવે તો, ફરિયાદપક્ષનો કેસ સાબિત કરવાનો બોજો ફરિયાદપક્ષના શિરે છે. ફરિયાદપક્ષે રજૂ રાખેલ સમગ્ર મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતાં, આ કામના આરોપી સામેનું તહોમત પુરવાર કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે. આમ, બેનિફિટ ઓફ ડાઉટ આરોપીને જાય તેમ છે, જેથી પ્રબંધો જોતાં, જ્યારે ફરિયાદપક્ષ પોતાના સાક્ષી પુરાવાથી કેસની ખરી અને યોગ્ય હકીકતો સાબિત કરવામાં સફળ ન રહે તો આનો લાભ આરોપીને આપવાનું અત્રેની અદાલતને વાજબી અને ન્યાયી જણાય છે, જ્યારે કોઈ કેસમાં શંકા ઉદ્ભવે ત્યારે આરોપીને તકસીરવાર ઠરાવી શકાય નહીં જેથી ફરિયાદપક્ષે આરોપી સામેનો કેસ નિ:શંકપણેસાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોય, મુદ્દા નં.–૧ નો જવાબ નકારમાં આપી, મુદ્દા નં. ૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## –:: આખરી હુકમ ::–

(૧.) આ કામના આરોપીઓ નં. **(૧) યશ પુનિતભાઈ સિંધવા અને (૨) માનવ જયદેવભાઈ લલાડિયાનાઓને** બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૮(૧) અન્વયે ભારતીય ન્યાય સંહિતાની ૨૯૮, ૩૨૪(૨) તથા ૫૪ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી, નિર્દોષ ઠરાવી, છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨.) આરોપીના અગાઉ રજૂ થયેલ જામીન અપીલ સમય સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

**ચુકાદો આજરોજ તારીખ–૦૧લી, માહે–ઓગસ્ટ, સને–૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી, મારી સહી–સિક્કો કરી, જાહેર કર્યો.**

**માંગરોળ,**
**તારીખ. ૦૧ /૦૮ / ૨૦૨૬**

**(આનંદ એમ. મહેતા)**
**જ્યુડી. મેજિ. ફર્સ્ટ કલાસ**
**માંગરોળ**
**કોડ નં – જીજે ૦૧૬૭૩**